ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૯ , ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
Email : -- spossamedia@gmail.com
Toll Free No.1800-233-7965

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ક્રમાંકઃએસ.એસ./એમ.એન્ડડી/૨૦૨૫/૩૨૬૪૬-૯૬૪    તા.૧૭.૭.૨૦૨૫

પ્રતિ
૧.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા તમામ
૨.શાસનાધિકારીશ્રી તમામ અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

**વિષયઃશાળા કક્ષાએ વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.**
**સંદર્ભઃ-માન.એસ.પી.ડી.શ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.**

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,વર્ષ-૨૦૨૫-૨૬ અન્વયે (સ્કૂલ ઓફ એકસેલેન્સ આઇ.ઇ.સી.કોમ્યુ.મોબી. **EAP**) બે વાલી સંમેલન અને ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.પ્રથમ વાલી સંમેલન ૧૫મી ઓગષ્ટ ૨૦૨૫ સ્વાતંત્ર્ય દિન અને બીજું વાલી સંમેલન ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૬ પ્રજાસત્તાક દિન નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

સમાજ જાગૃતિ તથા જન જાગૃતિના સંદર્ભમાં ગામના નાગરિકો, કેળવણીકારો,શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ ધરાવશે તેટલી શાળા વધારે જીવંત તથા સમૃધ્ધ બનશે.ઉપરાંત ગામના તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે.પરિણામે શાળા દ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે.ઘર એ પણ એક શાળા છે.વાલી જાગૃત હશે,તો જ બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે.આ સંદર્ભમાં રાજયની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં બે વાલી સંમેલનનું આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) વાલી સંમેલનના ચર્ચા કરવાના મુદાઓ

- સમગ્ર શિક્ષા ની અલગ અલગ એકટીવીટીની ચર્ચા.
- શાળામાં શિક્ષણ **WSDP (Whole School Development Plan)**પર વિચારણા અને ચિંતન.
- શાળા સ્વચ્છતા , ટોયલેટ સ્વચ્છ તેમજ શુધ્ધ પાણી અંગે ચર્ચા .

- બાળકોના પ્રવેશ નિયમિતતા શિક્ષણની ગુણવત્તા અને ૬ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ, સીઝનલ હોસ્ટેલ તેમજ સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટ બાબતે ચર્ચા.
- ઓનલાઇન અને ડિજીટલ માધ્યમથી શિક્ષણ.
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો **CWSN** સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
- ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- વોકેશનલ એજયુકેશન અને તેની જીવનમાં ઉપયોગિતા.
- ડ્રોપ આઉટ અને કન્યા શિક્ષણ માટે ચિંતન.
- જ્ઞાનકુંજ પ્રોજેકટ,સ્કૂલ ઓફ એકસેલેન્સ કાર્યક્રમ બાબતે ચર્ચા.
- જ્ઞાનશકિત રેસીડેન્શીયલ સ્કૂલ બાબતે ચર્ચા.
- વૃક્ષારોપણ,જળ સંચય , ગ્રીન સ્કૂલ ,કમ્પ્યુટરલેબ ,રમત ગમતના સાધનો ,પ્રયોગ શાળાના સાધનો , લાયબ્રેરીના પુસ્તકો વગેરેનો શાળા કક્ષાએ ઉપયોગ માટે વિચારણા .
- નવી શિક્ષણ નીતી બાબતે. **Foundational Literacy and Numeracy (FLN)**
- મોડલ સ્કૂલ અને મોડેલ ડે સ્કૂલ વિશે ચર્ચા.
- નિપુણ ભારત હેઠળ પાયાના વાંચન,લેખન અને ગણન કૌશલ્યો પર વધુ ભાર.
- **PM SHRI** શાળાઓ વિશે એસ.એમ.સી.ના સભ્યો સાથે ચર્ચા.

(૨) વાલી સંમેલનમાં કોણ આમંત્રિત હશે.? વાલી સંમેલનમાં એસ.એમ.સી.ના સભ્યો ઉપરાંત શાળામાં ભણતાં અન્ય બાળકોના વાલીઓ,જે તે વિસ્તારના વડીલ આગેવાન વ્યકિતઓ, ગામના રોલ મોડેલ સમાન વ્યકિતઓ ગામ પ્રેરક અને કર્મનિષ્ઠ વ્યકિતત્વ ધરાવતા કેળવણીકારો.

**(3) શાળાઓમાં પ્રવૃત્તિઓની ચર્ચાઃ-**

પ્રથમ સત્રમાં તમામ એસ.એમ.સી.કક્ષાએ ૧૫ મી ઓગસ્ટ-૨૦૨૫ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી અને બીજા સત્રના વાલી સંમેલનમાં ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૬ પ્રજાસત્તાક દિન નિમિત્તે “દીકરીના પ્રણામ દેશને નામ” કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે.આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે ગામમાં જેટલી દીકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતાપિતાને આમંત્રણ પત્રિકા આપીને બોલાવવાના રહેશે.આ ઉપરાંત ગામમાં સૌથી વધારે જે દીકરી ભણેલ હોય અને હાલ ગામમાં રહેતી હોય તેવી દીકરીને અને તેમના માતા-પિતાને ગામની શાળા વ્યવસ્થાપન સમિતિ દ્રારા જાન્યુઆરી-૨૦૨૬ના દિવસે દીકરીને શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન પત્રથી સન્માન કરવુ અને તેમને સ્મૃતિ ચિન્હ આપવું તેમજ ગામની સૌથી વધુ ભણેલી દિકરીને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું જેમાં **CwSN** દિકરી જો ગામમાં હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

(૪) શાળા કક્ષાએ ગ્રાન્ટની ફાળવણીઃ-એક વાલી સંમેલનના રૂ.૫૦૦/-(એક વાલી સંમેલનના સરભરા ખર્ચ રૂ.300/- અને ડોકયુમેન્ટેશનના રૂ.૨૦૦/-)મંજૂર થયેલ છે.જેથી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ અને અપર પ્રાથમિક

શાળાઓમાં ૧ શાળા દીઠ વર્ષના કુલ બે વાલી સંમેલનના રૂ.૧૦૦૦/- ખર્ચ કરવાનો રહેશે. ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૬ના કાર્યક્રમની જાણ જે તે સમયે કરવામાં આવશે.

ઉકત કાર્યક્રમની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી એસ.એમ.સી.માં જમા થાય તે રીતે કાર્યવાહી કરવા ડી.પી.સી.શ્રી અને શાસનાધિકારીશ્રીને જણાવવામાં આવે છે.આ ખર્ચ વર્ષ-૨૦૨૫-૨૬ના (સ્કૂલ ઓફ એકસેલેન્સના **EAP** આઇ.ઇ.સી.કોમ્યુનીટી મોબીલાઇઝેશન) હેડ હેઠળ ઉધારવાનો રહેશે.

(૫) વાલી સંમેલનમાં નીચે મુજબની ખાસ તકેદારી રાખવીઃ-

૧. વાલી સંમેલનની સફળતાની શરતો માટે અસરકારક આયોજન તથા મોનીટરીંગ કરવાનું રહેશે.

૨. જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં સહીઓ લેવી તથાડોકયુમેન્ટેશન કરાવવાનું રહેશે.

૩. વાલી સંમેલનમાં જે સુચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવાનું રહેશે.

૪. વાલીસંમેલનનો સમય સ્થાનિક પરિસ્થિતિ તથા ગ્રામજનોને અનુકૂળ હોય તેવો રાખવાનો રહેશે.

૫. વાલી સંમેલનનું પત્રક (જિલ્લાનું એકંદરીકરણ પત્રક) આ સાથે તૈયાર કરી સામેલ રાખેલ છે.જેમાં માહિતી ભરી અત્રે રજૂ કરવા જણાવવામાં આવે છે.

**૧૫ ઓગષ્ટ ૨૦૨૫ની આંકડાકીય માહિતી પત્રક**

| ક્રમ | જિલ્લો | સરકારી પ્રા.શાળાઓ/ઉચ્ચ પ્રા.શાળાની સંખ્યા | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ | વાલી સંમેલન યોજાયા તારીખ | હાજર રહેલ સભ્યો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરૂષ | સ્ત્રી | એસ.એમ.સીના સભ્યો | |
| | | | | | | | | |

**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી**
**ગાંધીનગર, ગુ.રા**

**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**સ્ટેટ પ્રોજેક્ટ કચેરી**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

<u>સવિનય નકલ રવાનાઃ</u>

- પી.એ.ટુ માન.અગ્ર સચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુ.રા.,બ્લોક.નં.૫/૭ સરદાર ભવન, ગાંધીનગર.

**નકલ રવાના :**

- કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (કયુઇએમ) શાખા સદર કચેરી
- કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (કયુઇએમ)કો.ઓ., જિ.તમામ અને મહાનગરપાલિકા તમામ